# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


ક્રમાંક/BKNMU/NSS/153/2026 તા. 19/09/2026

**વિષય :-** **"સેવા સંકલ્પ અભિયાન સેવા મેરા યોગદાન"** અંતર્ગત સંસ્થા/કોલેજોના વિદ્યાર્થીઓ માટે BISAGના માધ્યમથી તા. ૨૪-૦૯-૨૦૨૬ના રોજ **"સુરક્ષા સંવાદ"** કાર્યક્રમ યોજવા બાબત.

**સંદર્ભ :-** (૧) રોડ સેફટી કમિશ્નર, ગુજરાત રોડ સેફટી ઓથોરીટીના તા. ૧૦-૦૯-૨૦૨૬ના પત્ર ક્રમાંક GRSA/AWR/e-file/2026/0164/356 મુજબ.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૧૯-૦૯-૨૦૨૬ના પત્ર ક્રમાંક રસચ/માર્ગ સલામતી/૨૦૨૬/૧૬૩૧૨ થી ૧૬૮૭૨ મુજબ.

## પરીપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એક્ટ, ૨૦૧૮ અંતર્ગત સ્થાપિત ગુજરાત રોડ સેફટી ઓથોરીટી માર્ગ સલામતી બાબતે રાજ્યની લીડ એજન્સી તરીકે કાર્યરત છે. માર્ગ સલામતીના મુખ્ય ચાર સ્તંભ જેવા કે Engineering, Enforcement, Emergency Care, Education & Awareness સાથે સંકળાયેલા વિભાગોનો સમાવેશ થાય છે. જેથી માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે 4-E માનો ચોથો E એટલે Education & Awareness ખુબ જરૂરી છે. જેમાં શિક્ષણ વિભાગ મહત્વનો ભાગ ભજવે છે.

રોડ અકસ્માતો ઘટાડવા સંસ્થા/કોલેજોના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ગ સલામતીનો સંદેશો પહોચાડવો જરૂરી હોવાથી તેઓને માર્ગ સલામતી વિષયક બાબતોની જાણકારી, ટ્રાફિકના નિયમોની જાણકારી તેમજ સેફ ડ્રાઈવિંગ વિશે સમજ આપવી ખુબ જરૂરી છે, જેથી માર્ગ અકસ્માતોની ગંભીરતા સમજાય.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ૭૫ વર્ષની સમર્પિત જનસેવાના ઉપલક્ષમાં રાજ્ય સરકાર દ્વારા તા. ૧૭-૦૯-૨૦૨૬ થી તા. ૧૭-૧૦-૨૦૨૬ દરમ્યાન **"સેવા સંકલ્પ અભિયાન સેવા મેરા યોગદાન"**નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા રાજ્યમાં યુવા વર્ગના વધતા અકસ્માતો ઘટે અને યુવાનોને માર્ગ સલામતીને લગતું માર્ગદર્શન મળે તે માટે રાજ્યની **તમામ સંસ્થાઓ/કોલેજોમાં** માર્ગ સલામતીને લગત **"સુરક્ષા સંવાદ" કાર્યક્રમ BISAGના માધ્યમથી તા. ૨૪-૦૯-૨૦૨૬ના રોજ ૦૧:૧૫ કલાક** માટે સવારે **૧૧:૩૦ કલાકથી ૧૨:૪૫ કલાકના** સમય માટે આયોજન કરવું, જેમાં બહોળી સંખ્યામાં સંસ્થા/કોલેજના વિદ્યાર્થીઓ કાર્યક્રમનો લાભ લઇ શકે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

જે માટે તા. ૨૪-૦૯-૨૦૨૬ નારોજ BISAGની ઉચ્ચ શિક્ષણની/ટેકનીકલ શિક્ષણની ઉપલબ્ધ ચેનલમાં **"સુરક્ષા સંવાદ"** કાર્યક્રમ કરવા ૦૧:૩૦ કલાકનો સમય ફાળવવા જણાવવામાં આવે છે.

પ્રો. કો- ઓર્ડીનેટર
BKNMU – જુનાગઢ

**બિડાણ :-**
સંદર્ભ દર્શિત પત્રની નકલ

**પ્રતિ,**
(૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓ,
(૨) માન્ય સંસ્થાના વડાશ્રીઓ,
(૩) યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ

**નકલ સાદર રવાના :-**
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી, ગાંધીનગર
(૩) રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh - 362263 (Gujarat) ફોન
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.


ક્ર:રસય/માર્ગ સલામતી/૨૦૨૬/૯૯૩૨૨૨૦૧૯૯૭૨ તા.૧૯/૦૯/૨૦૨૬

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સિટી તમામ.
આચાર્યશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ.

**વિષય:-** "સેવા સંકલ્પ અભિયાન સેવા મેરા યોગદાન" અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે BISAGના માધ્યમથી તા.૨૪/૦૯/૨૦૨૬ના રોજ "સુરક્ષા સંવાદ" કાર્યક્રમ યોજવા બાબત.

**સંદર્ભ :-** રોડ સેફટી કમિશનર, ગુજરાત રોડ સેફટી ઓથોરીટી તા.૧૦/૦૯/૨૦૨૬ના પત્ર ક્રમાંક: GRSA/AWR/e-file/2026/0164/356.

ઉપરોક્ત વિષય વિગતે જય ભારત સહ જણાવવાનું કે, ગુજરાત રોડ સેફટી ઓથોરિટી એક્ટ, ૨૦૧૮ અંતર્ગત સ્થાપિત ગુજરાત રોડ સેફટી ઓથોરિટી માર્ગ સલામતી બાબતે રાજ્યની લીડ એજન્સી તરીકે કાર્યરત છે. માર્ગ સલામતીના મુખ્ય ચાર પિલર્સ જેવા કે Engineering, Enforcement, Emergency Care, Education & Awareness સાથે સંકળાયેલા વિભાગોનો સમાવેશ થાય છે. જેથી માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે 4-E માંનો ચોથો-E એટલે કે Education & Awareness ખૂબ જરૂરી છે, જેમાં શિક્ષણ વિભાગ મહત્વનો ભાગ ભજવે છે.

રોડ અકસ્માતો ઘટાડવા કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતીનો સંદેશો પહોંચાડવો જરૂરી છે. જે હેતુથી કોલેજના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી વિષયક બાબતોની જાણકારી, ટ્રાફિકના નિયમોની જાણકારી તેમજ સેફ ડ્રાઇવિંગ વિશે સમજ આપવી ખૂબ જરૂરી છે જેથી માર્ગ અકસ્માતોની ગંભીરતા સમજાય.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ૭૫ વર્ષની સમાર્પિત જનસેવાના ઉપલક્ષમાં, રાજ્ય સરકાર દ્વારા તા.૧૭/૦૬/૨૦૨૫ થી તા.૧૯/૧૦/૨૦૨૫ દરમિયાન "સેવા સંકલ્પ અભિયાન: સેવા મારા યોગદાન"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ગુજરાત રોડ સેફટી ઓથોરિટી દ્વારા રાજ્યમાં યુવા વર્ગના વધતા અકસ્માતો ઘટે અને યુવાનોને માર્ગ સલામતી લગત માર્ગદર્શન મળે તે સારુ **રાજ્યની તમામ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કોલેજો**માં માર્ગ સલામતી લગત "**સુરક્ષા સંવાદ**" કાર્યક્રમ **BISAG ના માધ્યમથી તા.૨૪/૦૯/૨૦૨૫** ના **રોજ ૧:૧૫ કલાક** માટે **સવારે ૧૧:૩૦** કલાકથી **૧૨:૪૫ કલાક**ના **સમય માટે યોજવાનું** નક્કી કરેલ છે. જેમાં બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ જોડાય જે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. ડી. આર. દરજી)
નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ.

Scanned with OKEN Scanner

# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
E-mail Id : cot-trans-rsa@gujarat.gov.in, Phone : 079 23258148


સત્યમેવ જયતે

ગુજરાત

NO. GRSA/AWR/e-file/2026/0164/356
Dt. 10/09/2026

પ્રતિ,
૧.કમિશનરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
૨જો માળ, બ્લોક નં. ૧૨
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

૨. કમિશનરશ્રી,
ટેકનિકલ શિક્ષણની કચેરી,
૬ઠ્ઠો માળ, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન,
સેક્ટર-૧૦(એ), ગાંધીનગર.

વિષય: "સેવા સંકલ્પ અભિયાન: સેવા મેરા યોગદાન" અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે BISAGના માધ્યમથી તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ "સુરક્ષા સંવાદ" કાર્યક્રમ યોજવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય વિગતે જય ભારત સહ જણાવવાનું કે, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ, ૨૦૧૮ અંતર્ગત સ્થપાયેલ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી માર્ગ સલામતી બાબતે રાજ્યની લીડ એજન્સી તરીકે કાર્યરત છે. માર્ગ સલામતીના મુખ્ય ચાર પિલર્સ જેવા કે Engineering, Enforcement, Emergency Care, Education & Awareness સાથે સંકળાયેલા વિભાગોનો સમાવેશ થાય છે. જેથી માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે 4-E માંનો ચોથો-E એટલે કે Education & awareness ખૂબ જરૂરી છે. જેમાં શિક્ષણ વિભાગ મહત્વનો ભાગ ભજવે છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી પાસે પ્રાપ્ય આંકડાકીય વિગતો અનુસાર વર્ષ-૨૦૨૫માં ગુજરાતમાં ૧૬,૨૦૪ માર્ગ અકસ્માતોમાં ૮,૦૮૩ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે. ગુજરાત રાજ્યમાં માર્ગ અકસ્માતમાં થતાં કુલ મૃત્યુમાં અંદાજિત ૪૫% લોકોનું મૃત્યુ ટુ-વ્હીલરના ચાલકોના માર્ગ અકસ્માતથી થાય છે. જેમાં ૧૮ વર્ષથી ૪૫ વર્ષના યુવા વર્ગની સંખ્યા વધુ છે. રાજ્યમાં દિન-

Scanned with OKEN Scanner

પ્રતિદિન થતાં માર્ગ અકસ્માતમાં માનવ મૃત્યુ થાય છે તે ખૂબ જ ચિંતાનો વિષય છે માર્ગ અકસ્માતો અને તેમાં થતી જાનહાનિ ઘટાડવી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

અકસ્માતો ઘટાડવા કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતીનો સંદેશો પહોંચાડવો જરૂરી છે. જે હેતુથી કોલેજોના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી વિષયક બાબતોની જાણકારી, ટ્રાફિકના નિયમોની જાણકારી તેમજ સેફ ડ્રાઇવિંગ વિષે સમજ આપવી ખૂબ જરૂરી છે જેથી માર્ગ અકસ્માતોની ગંભીરતા સમજાય.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષની સમર્પિત જનસેવાના ઉપલક્ષમાં, રાજ્ય સરકાર દ્વારા તા.૧૭/૦૯/૨૦૨૬ થી તા.૧૭/૧૦/૨૦૨૬ દરમિયાન "સેવા સંકલ્પ અભિયાન: સેવા મેરા યોગદાન"નું આયોજન કરવામાં આવી રહ્યું છે.જેના ભાગરૂપે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા રાજ્યમાં યુવાવર્ગના વધતા અકસ્માતો ઘટે અને યુવાનોને માર્ગ સલામતી લગત માર્ગદર્શન મળે તે સારૂં રાજ્યની તમામ આર્ટસ,કોમર્સ, સાઈન્સ કોલેજો, એન્જીનીયરીંગ કોલેજ, પોલીટેકનીક કોલેજો, ITI માં માર્ગ સલામતી લગત "સુરક્ષા સંવાદ" કાર્યક્રમ BISAG ના માધ્યમથી તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ ૧:૧૫ કલાક માટે સવારે ૧૧:30 કલાકથી ૧૨:૪૫ કલાકના સમય માટે યોજવાનું નક્કી કરેલ છે.

જે સારૂં તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ BISAGની ઉચ્ચ શિક્ષણની/ટેકનિકલ શિક્ષણની ઉપલબ્ધ ચેનલમાં "સુરક્ષા સંવાદ" કાર્યક્રમ કરવા ૧:30 કલાકનો સમય ફાળવવા વિનંતી છે.

કમિશનર
ગુજરાત રોડ સેફટી ઓથોરિટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with OKEN Scanner